શ્રી શ્રેયસ્સાધક અધિકારીવર્ગનો ૧૩૦ મો મહોત્સવ

કીર્તનો

૨૬ મા સાધનસમારંભનિમિત્ત

સ્થળ: સિદ્ધનાથ મહાદેવ: અસલાલી

મૂલ્ય ૦-૬-૦

શ્રી "ભાગ્યોદય પ્રેસ"માં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું
અને શ્રીશ્રેયસ્સાધકઅધિકારીવર્ગ વડોદરા તરફથી
જેઠાલાલ દેવશંકર દવેએ પ્રસિદ્ધ કર્યું.
ખાડીઆ—અમદાવાદ

॥ ॐ श्रीं ॥

श्रीसाधनसमारंभ.

[illegible]मो महोत्सव.

સ્થલ: શ્રી સિદ્ધનાથ મહાદેવનિકટ: અસલાલી.

ફાલ્ગુન શુકલ૰ ૧૫ શુક્રવારથી ફાલ્ગુન કૃષ્ણ૰ ૬ ગુરુવારપર્યન્ત સં૰ ૧૯૮૦

वन्दन.

પદ ૧ (આંખવિના અંધારૂં રે, એ લય)

જય જય જય જગરાયા રે, વન્દન ! વન્દન !

જય જય જય જગરાયા

અજ્ઞાનદષ્ટિની માંહે, ભ્રમવશતાથી દેખાયે,
પ્રતિજન આ આપની માયા, માયા રે; વન્દન !૦
અલ્પજ્ઞાનદષ્ટિમાંહિ, રહે છે સદા જણાઇ,
પ્રતિજન આ આપની છાયા, છાયા રે; વન્દન !૦
જ્ઞાનદષ્ટિની માંહી, સહુને ભાસે છે આંહિ,
પ્રતિજન આ આપની કાયા, કયા રે; વન્દન !૦
ધ્યાનદષ્ટિની માંહિ, જે અનુભવદષ્ટિ ગણાઇ,
આપ જ પ્રતિજનરૂપ, જાયા× જાયા રે; વન્દન !૦
એ અનુભવદષ્ટિ થાવા, આપમાં આપ શમાવા,
આજે આપને જ સ્હાયા, સ્હાયા રે; વન્દન !૦

સાધકો ! આવો સાધનને સાધવા.

પદ ૨ (સાધકો, આવો મૂર્ત્તિ પ્રવેશીએ, એ લય.)

સાધકો! આવો સાધનને સાધવા,
આણી ઉરમાં ઉલ્લાસ, આવો ઉત્સવમાં ખાસ; આવો૦
  સમારંભ સાધનને સાધવા,
  સાધો સાધન સમર્થ;
  વેઠ ઉતાર્યા જેવાં સાધનો,
કરીએ તો તો આવ્યું જાણો વ્યર્થ, જાય અર્થ; આવો૦
  સાત દિવસનો સંગ્રામ આ,
  કરો પડારથી યુદ્ધ;
  સાધનશસ્ત્રાસ્ત્ર રુડાં ધારીને,
પ્રભુ પામવા સરીખા બનો શુદ્ધ, ને પ્રબુદ્ધ; આવો૦
  આગ્રહથી નિગ્રહાદિ પાળીને,
  ચિત્ત ધરવુ પ્રભુમાંહ્ય;
  વૃત્તિઓ બહિર્મુખ થાય તો,
સાધક સાચા, તે પર મૂકી પાય, જો ચલાય; આવો૦
  અહિંયા[1] પણ વૃત્તિની લોલુપતા,
  બંધુ! જો ના અળપાય;
  તો તો આપણને ધિક્કાર છે,
આ તો અવસર શ્રેયસ્કર કહેવાય, જીવનમાંહ્ય; આવો૦
  સાધન માંહી કૃપા યાચતાં,
  થશે ઈશ્વર અનુકૂલ;
  જયન્તીજીવનનું સ્વરૂપ ન્યાળતાં,
સહજ થાશે આ જીવત્વશૂળ, નિર્મૂલ; આવો૦

ઓ૦ જ૦ દેસી.

---

૧ સમારંભમાં.

હરિ ૐ

પદ ૩ (નિજસ્વરૂપે જેની વૃત્તિ શમી છે, એ લય)

નિશિદિનિ ગાઓ બંધુ ! હરિ ૐ હરિ ૐ
નિશિદિનિ ધ્યાઓ બંધુ ! હરિ ૐ હરિ ૐ
હરિ ૐ હરિ ૐ હરિ ૐ હરિ ૐ
રસઘન મોહન અમલ વિલોચન, તેજોમૂર્તિસાર,
મણિમય આસને હૃદયે જોતાં, હરિ કરો હરિ ૐ ઉચ્ચાર;—
ઈંદ્રજાલ આ જગની વિસરી, ધારો શાંતિ અપાર,
વિલોલ લોચન સ્થિર કરી રસભર, દગ્ કરો ત્યાં એકતાર;—
સન્મય ચિન્મય ભાવસમન્વિત, જોતાં એ રમ્ય સ્વરૂપ,
નિર્નિમેષ રહી હરિ ૐ ઉચ્ચરતાં, પ્રકટે પ્રસાદ અનુપ;—
અદ્‌ભુત રસ જાગે અંતરમાં, અનુભવ વર્ણ્યો ન જાય,
સુખઘન જ્યોતિમય હરિવિણુ ના, અન્ય કશુંય લહાય;—
ધ્યાતા હું ને ધ્યેય હરિનો ભેદ ન રહેતો લગીર,
હરિ ૐ હરિ ૐ રવ પણ શમતો, પરાપ્રીત થતાં ધીર;—

ચુ૦ જ૦ ઓઝા૦

બતાવો.

પદ ૪ (અમો અજાને મથા નાથજી. એ લય.)

રે મને પ્રભુનાં બતાવો કોઇ રસિયાં,
કરવા પ્રભુનાં દર્શન, સર્વસ્વ ત્યાગી જીવન—
સાધનઅર્થે છે જેણે કસીયાં રે, કસીયાંરે ,
　　કસીયાં જીવન કસીયાં;　　રે મને૦
પ્રભુને ઉવેખીને, જગસુખના ભોગોમાંહિ,
જેનાં ચિત્તવૃત્તિ જરી ના ધસીયાં રે, ધસીયાંરે,
　　ધસીયાં એવાં રસિયાં;　　રે મને૦

પ્રભુને સ્મરાવે દુઃખો, એવું જાણી દુઃખો મળતાં,
જેનાં ચક્ષુઓ સદા હસીયાંરે, હસીયાં રે,
હસીયાં, એવાં રસિયાં; રે મન૦
વિપત્તિના ખાડામાં કે, સંપત્તિના શિખરે હોયે,
તોપણ દિલ પ્રભુમાં જેના વસીયાં રે, વસીયાં રે,
વસીયાં, એવાં રસિયાં; રે મન૦
પ્રભુરસામૃતમાં એવાં, લીન થનારાં,
કામસર્પોના જેને ડસીયા રે, ડસીયા રે,
ડસીયા, એવા રસિયાં; રે મન૦
નરહરિ પ્રભુનાં એવાં પરમાનુરાગી;—
જીવન જગજાળે નહિ ફસીયાં રે, ફસીયાં રે,
ફસીયાં, નહિ ફસીયાં; રે મન૦

साक्षीपद ए सारभूत स्थिति छे.

પદ ૫ (કદીએ કથીશ ન કોઇના દોષ, એ લય.)

છે એક સાક્ષીપદમાં સાર,
અનેક સાધન સાધો પણ આ, સાધન શ્રેષ્ઠ ગણાતું,
દૃષ્ટા બની આ વિશ્વ નિરખતાં, મનનું બળ શમી જાતું; છે૦
વાસનામય સંકલ્પની શ્રેણી, ચિત્તવિષેથી તૂટે,
હુંપણું જે સંસૃતિનું કારણ, તે પણ આથી છૂટે; છે૦
સાક્ષીપદમાં નથી અશાંતિ, નથી રાગ કે દ્વેષો,
જન્મપ્રદાતા નથી આસક્તિ, નથી ત્યાં મનના ક્લેશો; છે૦
નદીતટપર બેઠેલો જન જેમ, પ્રવાહ વહેતો ભાળે,
તદ્વત્ સાક્ષી જગ જોતો પણ, ફસાતો ન જગજાળે; છે૦
સર્વ અવસ્થામાંહિ મનની, સમસ્થિતિ ત્યાં જળવાતી,
આમ બધું અળપાય છતાં તે, વૃત્તિ રહે મદમાતી; છે૦

સહજાનંદ રહેનો અંતર, અક્રિય સહુથી રહાતું,
સંસારે સાક્ષીવત્ રહેતાં, પ્રભુપદ નિકટ લહાતું; છો૦

પ્ર૦ બહેન.

ઈશ્વરાસક્ત વૃત્તિનું સ્વરૂપ.

પદ ૬ (મારે ઉરે એઠો રે, એ લય.)

મને ધુન લાગી રે મારે અંતર નરહરિ રામની રે,
ભૂલી જગભોગો-યોગો, ઈશ્વરની ધુનમારે,
આસક્તિ છૂટી આ ધનધામની; ધુન૦
જગના અનુભવને અન્તે, નિશ્ચય જાણ્યું રે,
જીવને પ્રભુની પ્રીતિ કામની; ધુન૦
પ્રાણીપદાર્થ કેરા મોહથી મન અળપાયું,
જીવત્વગ્રન્થી રહી નામની; ધુન૦
અણુઅણુમાંયી ગજવું, રામની ધુનને રે,
પ્રભુવિણ બીજાની પ્રીતિ હરામની, ધુન૦
પ્રભુપ્રતિ પ્રીતિ ધારી, એવી પ્રભુપ્રીતિ પામું,
જેની પાસે તુચ્છ અન્ય તમામની; ધુન૦
અચલ એ ધુનકેરા, ધ્વનિના અંતે હું જાણું,
શ્યામ મારા ને હું છું શ્યામની; ધુન૦

શ્રી જ૦દેવી.

દુર્નિવાર મનના સ્વરૂપનું ઇષ્ટપ્રતિ પ્રાર્થનાસહ નિવેદન.

પદ ૭ લાવણી.

નથી ચેતાતું નાથ! હજી પણ નથી ચેતાતું નાથ!
ફાટે પણ મુજ નથી ફીટતી. પડી પટોળે ભાત.
નથી છોડતું પકડ્યું જે હાથ,
મન વળગે તે વિધવિધ વિષયે, બની ઉંટના દાંત; હજી૦

દુઃખ જેનાથી સહ્યાં સાક્ષાત્,
તેને તે કાયે આ મન વહે, જાણી પુનઃ દિનરાત; હજી૦
સહ્યા ચિંતાના બહુ આઘાત,
તે જ વિષયનો પુનઃ પુનઃ મન કરે હજી સગાથ; હજી૦
યોગ્ય ને અયોગ્ય શું તે જ્ઞાત,
પણ ફરી ફરી આવેશવશ બની, જઉં જ્યાં મુજ વિનિપાત;હજી૦
જ્ઞાનની પરોપદેશે વાત—
કરૂં પણ મુજ આચારવિષે તો પ્રભુ! સાતડે સાત; હજી૦
હવે તો કરજો કરુણાપાત,
આ ઉર શુદ્ધ ન થવું આપ પ્રકટ્યા વિણ જાતોજાત; હજી૦

साधकनो सन्निश्चय.

પદ ૮ (મારે મન એ ન અધિક એલચ.)

હું સન્નિશ્ચયને લઇશ,
આવી આ પુણ્ય સમારંભે, આનન્દથી સ્મરી ગુરુ પ્રારંભે.
વળી આ સાધનવર્ષારંભે, આ શુભ નિશ્ચયને ગ્રહીશઃ હું૦
પ્રભુભકતોને આદર્શરૂપે, રાખીશ ગણીને મુજ ગુરુરૂપે,
ભજવા સત્વર સદ્ગુરુસ્વરૂપે, હું સાધનશીલ રહીશ; હું૦
ઉત્તમ સાધકની જોઇ રીતી, હું શીખીશ તેવી શુભ નીતિ,
સદ્ગુરુના પ્રિયમાં ધરી પ્રીતિ, આગળ યત્ને જ વધીશ; હું૦
ગુરુ ભજીશ હું એકાંત પ્રસંગે, જઇ આવીશ ગુરુબંધુસંગે,
ગુરુલીલાની બહુ ઉમંગે, જાણેલી વાત કહીશ; હું૦
હવે પ્રમાદ અંતરથી મુકી, સાધનક્રમમાં આગળ ઝુકી,
કદી પ્રાપ્ત પ્રસંગને ના ચુકી, હિતને હું વળગી જઇશ; હું૦
પાલન કરી ગુરુઆજ્ઞાને સદા, મુજ પ્રયત્નને છોડીશ ન કદા,
હર્ષે ગુરુ મુજ પીઠ ઠોકે તદા, આગ્રહથી મુક્ત થઇશ; હું૦

શ્રી જ૦ દેવી.

आंतर वसंत

પદ ૯ [અમકી ટેક હમારી, એ લય]

રસરંગ હૃદય જમાવી,
આજ વસંત શી છાઇ;—
કુસુમ મનોહર તરુ તરુ ખીલ્યાં,
કોકિલ મસ્ત રહી ગાઇ,
પ્રિયમિલને અંતર રહે ઉછળી,
મધુર મધુર મલકાઇ;—
ઝણુણ ઝણુણુ ઝુંકાર નૂપુરના,
કુંજ નિકુંજની માંહિ,
શુણી થઇ વૃત્તિ લીન જ તેમાં,
અનુપમ રસથી લોભાઇ;—
ખેલ ખેલંતા રંગપીચકારી,
મારી શ્યામે છુપાઇ,
અંતર હરખી મતિ પ્રૌઢા એ,
અજબ રહી રંગે ભીંજાઇ;—

ચુ૦ જ૦ ઓઝા.

एवुं जीव्युं शा कामनुं ?

પદ ૧૦ (માને તમારૂં તે તો ઘેલડી, એ લય.)

એવું તે જીવવું શા કામનું, જગત્‌માંહિ, એવું તે જીવવું શા કામનું.
હાય ને વરાળ રે' અખંડ વ્યવહારની, નામ ન લેવાય ઘડી રામનું; જ
રાત ને દિવસ જ્યાં ત્યાં એક જ ભજન રે,' જીવનમાં સુત, સ્ત્રી ને દામનું;
અંતરના પાત્રમાંહિ ઉભરણ આવે, ઘડી ઘડી ક્રોધ અને કામનું; જ૦
આમતેમ અર્થવિનાનું તો રવડવું, ખાઇ ખાઇ પારકું હરામનું; જ૦
પોતાના ઉપર ન સ્વામિત્વ આવ્યું, જીવનભર કામ કર્યું ગુલામનું; જ૦
આપણું જીવન જો કદી સ્થાનક બન્યું નહિ, પારકાના હૃદયના વિશ્રામનું;

ક્ષેત્ર જો બની ન શક્યું આપણું આ અંતર, ષડરિસાથ માંડવા સંગ્રામનું;
દિવ્ય ગુણૈશ્વર્યોથી શોભતું બન્યું ન મન, મંદિર કદી પ્રભુધામનું; જ૦
ઉપેન્દ્ર પ્રભુકૃપાપાત્ર ન થયા તો, જીવ્યા કહેવાઇએ નામનું; જ૦

निरर्थक बोलशो मा.

પદ ૧૧ (પ્રબલ અંકુશ મનની આસપાસ, એ લય.)

નિરુપયોગી ને હાનિ કરનાર, શબ્દ પણ બોલશો મા.
વાણી વદતાં કરજો બહુ વિચાર, ઉતાવળે બોલશો મા.
જે શબ્દ કોઈ પણ હૃદયને, વ્યર્થ ચિંતાતુર કરે,
જે શબ્દ કોઈ પણ હૃદયને, ખિન્નતાએ કરી ભરે;
જે શબ્દ કોઈ પણ હૃદયનું, દુઃખ હરે ના સ્વલ્પ પણ;
જે શબ્દ કોઈ પણ હૃદયનું, કરી શકે ના ઉત્ક્રમણ;×
તેવા શબ્દોથી થઇને ગમાર, કોઇને છોલશો મા; વાણી૦
આ શબ્દમાંહિ સુખ રહ્યું ને શબ્દમાંહિ દુઃખ રહ્યું,
એથી જ કોઇનું અહિત થયું ને એથી કોઇનું હિત થયું;
એ શબ્દમાં છે કોઇમાં પણ પ્રાણ ભરવાની કલા,
એ શબ્દમાં છે કોઇના પણ પ્રાણ હરવાની કલા,
તેથી કાઢી ગમે તે ઉદ્‌ગાર. ઘોળાકા ઘોળશો મા; વાણી૦
પોતાતણું, શ્રોતાતણું જે હૃદય રંજન કરી શકે,
એ હૃદય ઉન્નત કરી તેમાં કાંઇ તત્ત્વ ભરી શકે;
વદી વાણી એવી અંતે વાણીથી અતીત પદમાં શમો,
જે શ્રેષ્ઠ સાધકનું ખરૂં કર્તવ્ય તે કરજો તમો;
કરો વાણીથી નિજ-પરઉદ્ધાર, જીવતમાં ડોલશો મા; વાણી૦

श्री ज० देवी.

× ઉન્નતિ, વિકાસ.

પોતાના જીવનને તેજસ્વી કરવું એ મનુષ્યનું કર્તવ્ય છે.

પદ ૧૨ (કાયા કાચો કુંભ છે, એ લય.)

સૂક્ષ્મ દૃષ્ટિથી ન્યાળજે, તારૂં જીવનાકાશ,
પ્રસરી ઉજ્જવલ ચાંદની, કે અંધારી અમાસ;
શીતલપ્રદ ચાંદનીથી, કંઇકના પરિતાપ જાતા,
વળી કંઇક વૃક્ષ ને ફળ ફુલ. રહે છે તેથી પોષાતાં.
તુજ જીવન પ્રસરાવતું, સુન્દર શીતલ છાય,
કે પ્રજળીને પ્રજાળતુ, વિચાર વીર ! સદાય;
જીવન જેનું પવિત્ર ને ઊર્ધ્વગામી તે મહાત્મા,
જેના સંબંધથી ઈશરૂપ થઇ રહે આ જીવાત્મા.
તેવા જીવનમાં વહે, જે જે દૈવી ભાવ,
ઉતારી તે તુજ જીવનમાં, રચજે તુજ સ્વભાવ;
ઉઠે ત્યાં આનન્દ ને નિર્મોહતા, તૃપ્તિની છોળો,
ન રાગદ્વેષ કે કોઈ કલેશ કે ભય શોકનો ઓળો.
નિજ ને પરઉત્કર્ષનાં, સધાય જ્યાં કર્તવ્ય,
પ્રકાશમય એ જાણવું, મનુષ્યજીવન ભવ્ય;
મહજ્જનસંગતિ કરી તેમના બોધને સ્વીકારી,
પ્રતિક્ષણ શ્વાસ, જીવનઅભ્યાસ, કર તું ધારી ધારી.
પ્રભુતા જેથી ઉપજે, એવાં સાધન સાધ.
તો ઉતરે તુજ જીવનમાં, પ્રભુનાં તેજ અગાધ.

પ્ર૦ બહેન.

નિઃસ્વાર્થ વૃત્તિ એ સ્વપરનું હિત સાધનાર છે.

પદ ૧૩ (સાર આ સંસારમાં ન જોયો, એ લય.)

સ્વાર્થની કરોને આજ હોળી, ઓ સ્વપરસત્સુખાભિલાષિઓ ![૧]
સ્વાર્થની કરોને આજ હોળી૦
ઉચ્ચ ઉચ્ચ સાધવાને સર્વ કાંઇ ત્યાગો, આખર દો દેહને પણ રોળી; ઓ૦

---

૧ પોતાનું અને પારકાનું હિત ઇચ્છનારાઓ.

આપોને દાન કાંઈ લંબાવી હાથને, રડવડતા રંક જનો ખોળી; એ૦
સ્વાર્થને સાધવા છળશો ન કોઇને, મિઠાં વચન મુખે બોલી; એ૦
કોઇને ન ગુંચવશો કદીએ બીછાવી, સ્વાર્થ તણી જાળ લાંબીપહેળી; એ૦
થાતું જો હોય ભલું કોઈનું તો સ્વાર્થથી, નાંખશો ન તેનું કામ ડહોળી; એ૦
સંકુચિત સ્વાર્થતાને પલટીને રાખજો, સર્વાત્મભાવે દૃષ્ટિ બહોળી; એ૦
સ્વાર્થ ત્યાગી સાધતાં પરાર્થ, સદ્ય દેશો-સ્વર્ગીય સદનદ્વાર ખોલી; એ૦
સર્વાત્મભાવના સુસિદ્ધ થતાં શિરે પ્રભુ, કરુણાનો કળશ દેશે ઢોળી; એ૦

શ્રી જ૦ દેવી.

समचित्तत्व ए दुःखनिवृत्तिनो उपाय छे.

પદ ૧૪ (રેલ ઉ૰ આજ યોગિઓનો૦ એ લય.)

સદાય જો ચહે તું ઉરે દુઃખનો અભાવ,
હો ચિત્ત મારા! રાખજે તો સર્વમાં સમભાવ.
હર્ષશોકભાવોમાંથી જા તું નીકળી,
શત્રુમિત્રભાવનાની આપજે તિલાંજલિ,
સર્વ માંહિ એક સરખી આત્મબુદ્ધિ તું દઢાવ; હો૦
અનુકૂલ પ્રતિકૂલ વૃત્તિઓ દે ટાળી,
મારૂં આ પારકું આ ભેદ દે પ્રજાળી,
તિરસ્કાર કે કશામાં ન ઉપજાવ અહોભાવ; હો૦
પ્રિય ને અપ્રિયતાનો ભેદ જ્યાં સંહાર્યો,
પોતા ને પારકાનો ભાવ જ્યાં નિવાર્યો,
ત્યાં તો ક્લેશ કષ્ટ કેની રીતે મારી શકે ઘાવ; હો૦
ક્ષોભરહિત નિઃસ્પૃહી થવા જો વૃત્તિ તારી,
સર્વમાંહિ સમતાની યુક્તિ લે સ્વીકારી,
એમાં સર્વ સાધનોનો થઇ જાય અંતર્ભાવ; હો૦

संसारसागरथी भयभीत थता साधकनी भवपार जवा प्रभुने प्रार्थना.

પદ ૧૫ (પ્રભુ મારા હાથને ઝાલો, એ લય.)
પ્રભુ મને પાર ઉતારો, ડુબું છું બતાવોને આરો રે.
સંસાર છે મહા સાગર એ તો, જેનો ન પાર જણાય,
જીવનનાવ ક્યાં વહેતું કરવું, સુઝતું મને ના જરાય,
કયે રસ્તે પામું કીનારો; પ્રભુ૦
મોટા વિદ્વાનોએ નિજ મતિથી કર્યાં, વ્હેતાં નાવો તત્કાલ,
આગળ જતાં પણ તે વમળોમાં, ડુબતા જોયા—જોઉં હાલ,
દીઠો નહિ કો તરનારો; પ્રભુ૦
જીવમતિથી ન જાણ્યું જતું કેવા વહેણે વાળું મારૂં વહાણુ,
ગભરાઉં તેથી સ્વતંત્રપણે હું, કરતાં ક્યાંહિએ પ્રયાણ,
ન ઉઠતા કોઇ વિચારો: પ્રભુ૦
વિધવિધ વિષયના હોડાઓ આવે, ઉપરાઉપરી અનેક,
ધુધવાટ ભારી ને જોતાં ભયાનક, ધસડે ગમે ત્યાં દરેક,
આશ્રય તેથી લઉં છું તમારો; પ્રભુ૦
આપને યોગ્ય જણાય તેવી દિશે, રહીને સદા મુજ સાથ.
મારી નૌકાને હંકારજો શુણી, દીન વિજ્ઞપ્તિ એ નાથ !
શરણ છું હું મારો કે તારો; પ્રભુ૦

श्री ज० देषी.

साधनमां शिथिलतानुं भान करनार साधकनां पोताना जीवप्रति वचनो.

પદ ૧૬ (આપ્યા પ્રભુથી ન નેડા, એ લય.)
આટલામાં શે થાક્યા, ઓ જીવરામ ! પંથ બહુ બાકી.
આમ હું કરીશ અને તેમ હું કરીશ એમ, પહેલા તડાકા હાંક્યા; ઓ૦

સાધનના માર્ગે અર્ધે ન આવ્યા ત્યાં, ટાંટીયા ભાગી નાંખ્યા; ઓ૦
આટલા વરસનો સાધક હું છું એમ, મનથી તો બહુએ છાકયા; ઓ૦
બેઠા હતાશ થઇ પ્રભુનામનાં ચાર, ટાંકણાં ન હૈયે ટાંકયાં; ઓ૦
કયાંથી પ્રભુ મળે પ્રભુ તાકવા ત્યજી, પારકાનાં મિષ્ટાન્ન તાકયાં; ઓ૦
ભાગોળ હજી નથી વટાવી ત્યાં કહો છો, પહોંચતા નથી હવે નાંખ્યા;ઓ૦
પ્રભુ પામવા થવા સાધક તો જાણ્યું, લોહના ચણા એ તો ફાકયા; ઓ૦
પુરુષાર્થી વીરસમા મિથ્યાભિમાનનાં, વચનો હવે રાખો ઢાંકયાં; ઓ૦
હિમત ન હારતાં યત્ને મચ્યા તો, જાણો તમારા દાવ પાકયા; ઓ૦

कर्तव्यार्थे उद्यत थवा म॰ प्रति कथन.

પદ ૧૭ (ઉઠો શોધવા સાધક વીરો, એ લય.)

ઉઠો ઉઠોને મનવા ! આજે, સાધન સાધી હણવા બંધ,
પ્રયત્ન કરીને ઉડીને ઉંચે, કરવો આત્મસ્વરૂપસંબંધ.
યોગ્યાયોગ્ય પરખીને લેવું, નયન છતાં બનવું ના અંધ.
જે કર્તવ્યપરિશ્રમ આવે, સુખરૂપ ગણી તે વહેવો સ્કંધ.×
ઉઠો ઉઠોને કમર કસો ઝટ, વળશે ન કેવળ વાંચ્યે ગ્રંથ,
બુદ્ધિનો નથી પ્રદેશ આ તો, બુદ્ધિથી પરનો છે પંથ.
નેતિ નેતિ કહી શાસ્ત્રો વર્ણે, જીવત્વનો નથી જ્યાં ગંધ;
મહા અનુભવી પણ ન રચી શકયા, જેના વર્ણનનો પ્રબંધ.
તત્વજ્ઞો જ્યાં શમીને લાવ્યા, સહજે જન્મમરણભવઅંત,
તેમાં શમીને અંતવાન્ મટી, સહસા આજે બનો અનંત.
ઉઠો ઉઠો એ સ્વરૂપ શોધવા, આજે ધરીને અનપમ ખંત,
ગુરુકરુણાથી શોધી તેને, પદ લો જે સુખરૂપ અત્યંત.

શ્રી જ૦ દેવી૦

× ખાંધે

अन्तरालप्रवेशानुभव.

પદ ૧૮ (વાલમજી વહેલા વળજો રે, એ લય.)

કંઇ સૂક્ષ્મ મંત્રધ્વનિસાથે રે, હૃદયે જઉં છું,
થઇ સ્થિર અત્યંત નિરાંતે રે, ઉંડે જઉં છું.
કંઇ શિથિલ સ્વસ્થ અવસ્થા, પહેલી શરીરની અનુભવતો,
પછી મન અન્તર્મુખ કરતો રે; ઉંડે૦
એટલે ઉંડે હું આવ્યો, સ્થિર કરી ચિત્ત વૃત્તિ મારાં,
જ્યાં શુણું હૃદય ધબકારારે; ઉંડે૦
મંત્રનું ઉચ્ચારણુ ક્રમથી, હું દીર્ઘ અને પ્લુત કરતો,
હું મનોમય થાતો રહેતો રે; ઉંડે૦
જ્યાં મંત્ર ભાવનામય થઇ, રહે તે વિજ્ઞાને[2] આવી,
તે સ્થળને પણ હું વટાવી રે; ઉંડે૦
કોઇ એવા ઉંડાણે હાવે, કંઇ અનાયાસ સરી જાઉં,
જ્યાં મંત્રરૂપ હું થાઉં રે; ઉંડે૦
આ આનન્દધામ[3] લહાતું, ત્યાંથી પણ કંઇક જવાતું,
પણ ક્યાં તે ના કહેવાતું રે; ઉંડે૦
આ ક્ષણુ મુજ 'હું'માં કાંઈ, અદ્ભુત ફેરફાર થાતો,
ચિદ્રૂપે પલટાઈ જાતો રે; ત્યાં હું રહું છું.
હું મને બ્રહ્મમય લહેતો રે, સ્થિર ત્યાં થઉં છું,
હું પૂર્ણ બ્રહ્મરૂપ રહેતો રે, મૌન ગ્રહું છું.

जपसाधननी चर्चा.

પદ ૧૯ મેવાડો

સાધકહૃદયે શોધું રે, ગુરુજપનો ધ્વનિ ક્યાં ગયો રે જી,
હુડવો જોઇએ, બલવત્તર વેગે જ્યાં અખંડ;

---

૧ તંગઅવસ્થાવિનાની. ૨ વિજ્ઞાનમય કોષમાં. ૩ આનંદમય કોષ.

ઉતર્યો તે ઉંડાણે રે, કે શું એ તે ઉડી ગયો રે જી,
તેનો નિશ્ચય કરું હું શોધી ખંડેખંડ; સાધક૦

અથવા અંતરમાંહિરે, જાવાની શું જરૂર છે રે જી,
એ તો સહજે જોતાં ઉપરથી જણાય;
જેને ઉર જપ ઉંડો રે, તેનાં વાણી વર્તનો રે જી,
બીજાંઓથી તરત જુદાં પડી જાય; સાધક૦

જે અંતરમાં ઉંડો રે, જપનો ધ્વનિ ઝાઝો ગયો રે જી,
તે વાણીમાં, ક્રોધ પણ લાગે મિષ્ટ;
તે જે કૃતિઓ કરતો રે, તેનાથી ના કોઇનું રે જી,
કદીએ થાતું, જરી પણ વાસ્તવ અનિષ્ટ; સાધક૦

ઉંડે ઉંડે ઝાઝો રે, જપ ઉતરેલો તે ઉરે રે જી,
વધવાં જોઇએ શાંતિ સંયમ અને સુખ;
ગયો હશે જો ઉડી રે, વધવાની ત્યાં વાસના રે જી,
સહજ સહજમાં, મન તે થવાનું બહિર્મુખ; સાધક૦

મનના સંકલ્પોની રે, શ્રેણી જો તુટે નહિ રે જી-
અંતરમાંહિ કરતાં મંત્રોચ્ચાર;
જરાક પ્રતિકૂલ જોતાં રે, મન જો ઉઠે ફડફડી રે જી,
જાણો મંત્ર ત્યાં, ઉંડે ગયો ન લગાર; સાધક૦

ક્ષણભર તો વિચારો રે, આનો હેતુ શું હશે રે જી,
પૂર્વે જ્યારે ઉંડો અખંડ જપ-નાદ;
તે સ્થાને કાં આજે રે, ઉઠે વિધવિધ વાસના રે જી,
ક્વચિત્ કવચિત્ તો, દિનભર ના આવે જપ યાદ; સાધક૦

ભક્તિની પ્રબલતા રે, અંતરમાંથી શમી જતાં રે જી,
ઓછો થાતો, જેમ જેમ શ્રેયસ્કર સંગ;
પરમાર્થસાધનમાં રે, રસ ઘટતો જેમ જેમ જતો રે જી,
જપ ઘટતા જવ, ઘટતો શ્રદ્ધાનો રંગ: સાધક૦

ભક્તિને વધારી રે, મંત્રજાપ ઝઝો કરો રે જી,
જ્યાં લગી એ તો, આપણુને ગમતો ન થાય,
અંતર્ એની મેળે રે, હોંસ ધરી બોલી ઉઠે રે જી,
ત્યારે એ તો ભીતર પ્રવેશ્યો ગણાય, સાધક૦

પૂર્વોક્ત વિષયનું અનુસંધાન.

પદ ૨૦ (લય પૂર્વોક્ત)

સાધકહૃદયે કહું છું રે, જપધ્વનિ ઉર ઉઠાવજો રે જી,
એક પછી જ્યાં, બીજું મંત્રોચ્ચારણુ થાય;
તેની સાથે વધવી રે, જોઇએ મન–એકાગ્રતા રે જી,
પ્રતિઉચ્ચારે, રસ પણુ વધતો જ જાય; સાધ૦
નિશ્ચય જાણો બંધુરે, જપમય ઉર કીધા વિના રે જી,
કદી ન તેમાં તરી આવશે ગુરુતત્ત્વ;
ઉંડા મલિન સંસ્કારો રે, અને સુક્ષ્મતમ વાસના રે જી,
અંતર્ જપવિણુ કદી ન થશે નિઃસત્ત્વ; સાધક૦
સૂક્ષ્મ વાસનાઓથી રે, જ્યાં લગી ઉરથી નહિ છૂટે રે જી,
ત્યાં લગી કદીએ, નિવૃત્ત થાય ના જીવત્વ;
જીવત્વ ગયા વિણ રે. અખંડ સુખ ના સાંપડે રે જી,
જીવત્વ ટળતું, તો જ પમાય મુક્તત્વ; સાધક૦
એ સ્થિતિએ સ્થિર થાવા રે, જપવિણુ સાધન છે નહ રે જી,
અધિક અધિક ઉંડાણથી જેમ જપાય;
ત્યજી મધ્યમા વાણીરે, પશ્યન્તિમાં જવ ઉઠે રે જી,
ગુરુતત્ત્વાનુભવનો આરંભ તવ થાય; સાધક૦
એથી પણુ ઉંડાણુથી રે, જે ક્ષણુ જપધ્વનિ ઉઠશે રે જી,
તે ક્ષણુ મન આ, થઈ જશે ધ્યેયાકાર;
ધ્યેયતણાં સામર્થ્યો રે, અનુભવ્યા આત્મમાં રે જી,
બંધો રહેશે, ઉરમાં આનન્દ અપાર; સાધક૦

માટે સઉથી સબળુ રે, જપનું સાધન જાણવું રે જી,
યથાવિધિએ, કરજો તેવું અનુષ્ઠાન;
અણુધારેલી ક્ષણુમાં રે, ઇચ્છા રાખી જો હશે રે જી
ઝળઝળ કરતા, પ્રકટશે ઉર ભગવાન; સાધક૦

निर्विषयी सुखने प्रभात.

પદ ૨૧ (કોઇ દર્શાવશો વહાલા વહાલમના વાસ, એ લય)

વીતી રજની ગુરુ ગુરુ ઉચ્ચરજો વીર!
કેવો શાંત મધુર આ વહેતો સમીર;—
ખીલી રમ્ય ઉષા જુઓ પૂર્વે જણાય,
પક્ષીવૃંદના કિલકિલ શબ્દ શુણાય,
સોહં શબ્દ ઉઠે ગુહાવિષે ગભીર;—
આછાં આછાં પ્રસરંતાં આ કિરણો સુહાય,
ભૂજલનભપર ધીરે ધીરે જુઓ રેલાય,
સ્વર્ણવર્ણી શી દીપ્તિની માલા એ ધીર,—
મૃદુ મૃદુ પાંખડી વિકસંતા પદ્મો રસાળ,
પ્રસરે મદભર્યો ગંધ જુઓ પ્રિય આ કાલ,
ઉચ્ચરે શિવોહમ્ સુંદર કિર કો મંદિર;—
ત્યાગો ત્યાગો આલિંગન એ માયાનું ભ્રાત,
રમવા નિર્વિષયી સુખને રમ્ય પ્રભાત,
અનુભવ અનુપમ જાગે, બનશો મસ્ત ફકીર.

ચુ૦ જ૦ ઓઝા.

પ્રગતિ સાધવા માટે સાધકે વાણીનો શુદ્ધ ઉપયોગ કરવાની જરૂર છે.

પદ ૨૨ (જોવાને વિશ્વવિહારી, એ લય.)

થવા પ્રગતિ અતિ મારી, બોલીશ હું વાણી વિચારી રે, થવા૦
કાઢીશ નહિ કદી ઉદ્‌ગાર દુઃખના, જેની તેની સમીપ,
અંકુશ વાણીઉપર ધારી; બોલીશ૦
રસપૂર્વક ના નિંદા કરીશ હું, કોઇની કદાપિ લગાર,
થવાને ઉંચો અધિકારી; બોલીશ૦
ભૂત ભાવિની ને આની ને તેની, વાતમાં ગાળું ન કાળ,
નકામા ગપાટાઓ મારી; બોલીશ૦
દીનતા, દુર્બલતાભર્યા વચનો, બોલી બનુ ન કંગાલ,
સાચું સામર્થ્ય સંભારી; બોલીશ૦
હૃદયથી વૈરીભાવ ત્યજીને, શત્રુને કહીશ હું ' ભાઇ, '
બની મનથી અવિકારી; બોલીશ૦
કોઇની કોઇને ચાડી કરીને, વધારૂં ના વૈમનસ્ય,
સૌમાં સ્નેહને ભરનારી; બોલીશ૦
ક્રોધથી મર્મવચન કહી અન્યનું, હૃદય ન લેશ દહીશ,
રોકીશ વાણીવેગો વિકારી; બોલીશ૦
સર્વમાં દૃષ્ટિથી શુભને નિહાળી, બોલીશ સઉનું શુભ,
ઉંડાણથી પ્રેમ વધારી; બોલીશ૦
વાણીવડે શુદ્ધ ભાવથી નરહરિપ્રભુનાં કરી ગુણગાન,
લઇશ હું મુજને ઉદ્ધારી; બોલીશ૦

પ્ર૦ બહેન.

स्वरूपजाग्राति लाववा आभिमानीने संबोधन.

પદ ૨૩ ગઝલ.

અરે ઓ જાગ અભિમાનિ! લુંટાઈ જાય ઘર તારૂં,
સુતો શું સોડ તાણીને, સુતાં તો જાય સરૂ તારૂં.
ખરી સંપત્તિ તારી જે, અવિદ્યા તે લુંટી લેતી,
ઉઠીને કાઢ ઘરમાંથી, શુણીને આ વચન મારૂં.
વિવિધ દેશેથી જે ખોટું, બધું તુજ દેશમાં આવે,
એવું અજ્ઞાનસિન્ધુનું, પૂરી દે સદ્ય તુ ખ્હારૂં.
અશક્ત કહી તને આજે, જે ભય બતલાવતા આવે,
તું તારૂં રૂપ ફેરવી દે, પછી જો, કોણ ટકનારૂં?
તું તુજમાં જ્યોતિ જાગ્રત્ કર, જીવત્વ તું બાળી દે તેમાં,
અને આંતર પ્રદેશોનું, જાગીને ટાળ અંધારૂં.
વગાડી હાક ત્રિભુવનમા, ઘુમીને આત્મમસ્તીમાં,
રહે કરતો સદા તું તે, બીજાનું જે કરે સારૂં.

શ્રી જ૦ દેવી.

भक्तिरूप साधननी सर्वोत्तमता.

પદ. ૨૪ (ગૃહસ્થાશ્રમની શોભા સઘળી, એ લય.)

ભક્તિરસામૃત પીધાં જેમણે, તે જ જીવન જીવન્ત.
તેને સહજે સિદ્ધ થવા છે, પ્રકટપણે ભગવન્ત, (૩) ભક્તિ૦
ભક્તિ અદ્‌ભુત રત્નની ખાણુ જ, અન્ય સાધનો છે પાષાણુ જ,
જેને ગ્રહીને સાધુસન્ત, પણ રહે અવિનાશી ધનવન્ત; તેને૦
ભક્તિ કલ્પતરૂની છાયા, ભક્તો જેની નીચે શમાયા,
ઇચ્છ્યાં સુખ લે થઇ નિશ્ચિન્ત, નિષ્કિંચનસમ છતાં શ્રીમન્ત, તેને૦
ભક્તચિત્ત કેવલ પ્રભુની મહિં, નથી ભક્તને વિશ્વની પડી કંઇ,
વિશ્વ અને વિશ્વનું અનન્ત, એને મન તુચ્છ જ અત્યન્ત; તેને૦

સાચો રે કોઈ ભક્તિસાધન, કરાવે ઘડીભર પ્રભુને નર્તન,
પ્રભુ જેપ્રતિ અતિ કરુણાવન્ત, ધન્ય તમો એ ભક્તિવન્ત ! તેને૦

ઇષ્ટપ્રીતિવશ અંતઃકરણનું સુભાગ્ય.

પદ ૨૫ (આવી મારી ઝુંપડીમાં આજ૦ એ લય.)

અહા ! વાગ્યાં સાચાં પ્રેમબાણુ જેના ઉરમાં,
તેના સુભાગ્યની શી વાત !
ત્રિભુવનમાં વર્તે છે તેની આણુ, જેના ઉરમાં,
પ્રકટે પ્રભુપ્રેમ દિનરાત.
અહા ! તેના અંતરના તો આનંદ શા !
અહા ! તેની વૃત્તિની શી ઉંચી દશા !
(તેનો) એકકેન્દ્રસ્થિતકરણસંઘાત;[૫] જેના ઉરમાં૦
અહા ! આંખ તેની પ્રભુનાં તો દર્શન કરે,
અહા ! જીભ તેની પ્રભુને અખંડિત સ્મરે,
(તેનાં) શુણે કાન પ્રભુવચનો સાક્ષાત્; જેના ઉરમાં૦
તેને કદીએ નડી ન શકે જગનાં બન્ધન,
તેને ઉરમાં ન ઉઠે વિષયોનું સ્પંદન,×
તેને નડતા ન માયિક ઉત્પાત; જેના ઉરમાં૦
એના બોલમાં સદાયે પ્રભુતા ઝરે,
એના મુખપર પ્રભુની છાયા વિસ્તરે,
એની આગળ સહુ થઈ જાય મ્હાત; જેના ઉરમાં૦
શ્રી જ૦ દેવી૦

---

૫ તેની સઘળી ઇંદ્રિયો એક જ મુખ્ય સ્થાનમાં એકત્રિત થઈને—સંયમી બનીને—રહે છે. × થડકનું, સળવળાટ.

स्वरूपाभिमानी अने जगदाभिमानीना भेद.

પદ ૨૬ (માને તમારૂં તેણે ઘેલડી, એ લય.)

મારો તે મેળ ક્યાંથી મેળવું, આ જગતસાથ, મારો તે મેળ ક્યાંથી મેળવું.
ગમનઆગમનરહિત હું નિત્ય સ્થિર છું, જગતમાં તો છે આવવું જવું; આ.
હું અને મારૂં એ તો કલ્પિત જાણું, જગત્ કહે એને સિદ્ધ જાણવું; આ.
જગ તો કહે છે આ છોડું-આ મેળવું, મારે નથી છોડવું કે પામવું; આ.
હું તો અખંડિત સદ્રૂપે સ્થિર છું, જગત્‌માંહિ તો છે થયું ને થવું; આ.
જગ તો કહે છે એક બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે, હું તો જાણું સ્વરૂપ શ્રેષ્ઠ માનવું;-
હું તો અખંડ રહું આત્માવલંબી, જગ કે દસ્યાવલંબન રાખવું; આ.
જગને અનન્ત વસ્તુમાં પણ જૂનું લાગે, મારે તો એકમાં પણ નિત્ય નવું;-.
આથો આ જગને તો રામ રામ કરી મારે, મારામાં રહ્યું મસ્ત મ્હાલવું; આ

स्वरूपशिखरपर आरूढ थवा उपदेश.

પદ ૨૭ (જ્યાં રહે મતિના મંદ, એ લય.)

કરી સદાય તત્ત્વવિચાર, બહુ હિંમતદાર—શિખરપર ચઢજે.
નિશ્ચિંતપણે ત્યાં નાંખી અડંગા અડજે.
　　નથી મઝા નીચે રહી કાંઇ,
　　છે સ્વરૂપશિખર સુખદાઇ,
　　નથી કલેશો ત્રિકાળ ત્યાંહિ,
જ્યાં નિત્ય નવીન નવાઇ, જવા ત્યાં ભાઇ ! તું ઝટ ઉપડજે; નિશ્ચિંત૦
ત્યાં રહેતા જ્ઞાની મહાન્, પ્રભુની સમાન, જેમનાં અંતર,
એ રહે મુક્ત ને મસ્ત પ્રસન્ન નિરંતર.
　　છે તળેટીમાં અજ્ઞાન,
　　મૃત્યુ ભય દુઃખ મહાન્,
　　નથી સુખનું નામનિશાન,
શુણી અનુભવીની આ વાણુ, લાવીને સાન, જ્ઞાને મતિ મઢજે; નિશ્ચિંત૦

છે દૃશ્ય આ બ્રહ્મવિલાસ, કરી અભ્યાસ—તત્ત્વનો જોજે,
નિજ સ્વરૂપચિંતને ઉરના મગને ધોજે.
સ્વરૂપે તું લક્ષણા સાંધ,
જે સચ્ચિન્મય છે અગાધ,
ત્યાં મમત્વગ્રન્થી બાંધ,
કરી ઇતર સર્વનો બાધ, તું તત્ત્વે વાધ, હેત અજપ્યગઠ જે; નિશ્ચિંત૦

શ્રી જ૦ દેવી.

बाह्य उपाधिने असत्य जाणी स्वरूपसंबंध करवा जीवने उपदेश.

પદ ૨૮ (રુધિરમાં મોહ ધરે શું ભાઇ, એ લય.)
સમજીને આ તો નાટકવેષ, પૂરો કર તુજને પ્રાપ્ત પ્રવેશ.
સંસારીનો વેષ ધર્યો તેં, સાચું ન એ તુજ રૂપ,
એ વેષના વિકારોમાં તુ, રખે થનો તદ્રુપ; સમજીને૦
વિશ્વ સકલ આ રંગભૂમિ છે, નથી એ તુજ મૂળ સ્થાન,
નટ બની તેમાં વેપ ભજવી લે, ભૂલી ન તુજ મૂળ ભાન; સમજીને૦
કદી રાજાનો, કદી ભિક્ષુકનો, ભજવે નટ જેમ પાઠ,
તેમ તું તુજપર અનુભવી લેજે, વિવિધ સ્થિતિનો ઠાઠ, સમજીને૦
નટ લે વિધવિધ ભિન્ન વેષ, પણ એકે ન તેમાં સત્ય,
તદ્વત્ તું જે ગ્રહે ત્યજે તે, સઘળું માન અસત્ય; સમજીને૦
જીવત્વનો આ પાઠ ભજવતાં, થયો તેનો અભ્યાસ,
બ્રહ્મસ્વરૂપ તુજ વિસર્યો તેથી, થયો નૃપમાંથી દાસ; સમજીને૦
અખંડ વ્યવહારો કરતાં પણ, કર નિજરૂપચિંતન:
'હું તો જીવ નહિ પણ છું નિરંતર સ્વરૂપે સચ્ચિદ્દઘન;' સમજીને૦

પ્ર૦ બહેન.

હું ચિતિ.

પદ ૨૯ (બ્રહ્માંડભરમાં સભર હું૦ એ લય)

માયારચિત બ્રહ્માંડ ને બ્રહ્માંડથી પર વસતી,
અહા હું અનંત વિલસતી;--
શિવ વિષ્ણુના હૃદયમાં હું નૃત્ય નિત્ય કરતી,
અહા હું અનંત વિલસતી;--
અટપટા આ જગતત્રના સકે મર્મ ઉકલેતી,
યોગીમુનિજનચિત્તમાં આહ્લાદને ભરતી; અહા હું૦
નાદબ્રહ્મસ્વરૂપિણી હું વીણામાં ઝણઝણતી,
વસ્તુરૂપા બની હું જ હું બ્રહ્મપદવિષે ઠરતી; અહા હું૦
સ્વરૂપ થઇ આકાશની ઉંડાણે વિસ્તરતી,
કોમલ સ્પર્શ બની વાયુવિષે હું સ્વતંત્ર રહું ઉડતી; અહા હું૦
રવિચંદ્રનાં તેજસભરેલાં બિંબે ઝળહળતી,
રસરૂપ થઇ જળમાં રહી હું દ્રવતીને સ્રવતી; અહા હું૦
ભૂગર્ભ નિવસી ગંધરૂપે પરિમલ વિતરતી,
પુષ્પોતણા આત્મારૂપે હું હું જ પ્રસરતી; અહા હું૦
પંચભૂતના અંશ ગ્રહી રૂપ અનંત પ્રકટતી,
વિકૃતિરૂપ આ જગત્માં પણ અવિકારી ફરતી; અહા હું૦
અતિ સૂક્ષ્મ જંતુથી લઇ બ્રહ્માદિ તનુ ધરતી,
માયા ત્રિભુવનમોહિની પણ મારી એક શક્તિ; અહા હું૦
આભાસ પ્રકટાવી હુંમાં હું જીવરૂપ બનતી,
સુખદુઃખના વિલાસમાં રમતી હું અતિ હસતી; અહા હું૦
ઉડી જતી ભ્રમજાલ દુઃખની હું હુંરૂપે જ થતી,
મુજ કૃપારશ્મિ જે ક્ષણે જીવ ભ્રાંતપર પડતી; અહા હું૦
થઇ નથી થાવી નથી નથી સૃષ્ટિ આ દીસતી,
અનુભવ ઉઠે એ અંતરે નિજને લહું જવ ચિતિ; અહા હું૦

વિવર્તરૂપ બનીને દીસું સૃષ્ટિ અને સૃજતી,
તે સર્વ ચિતિ હું એક છું એક ચિતિ ચિતિ ચિતિ, અહા હું૦
ચુ૦ જ૦ ઓઝા૦

श्रीइष्टशरणागत निराधार जीवोनी नम्र अभ्यर्थना.

પદ ૩૦ (અમે તો પિંજરીયાનાં પંખી, એ લય.)

અમે તો રડવડતાં બાલકડાં, પ્રભુ ! સંભાળજો જી,
અમે તો અણુસમજુ નાનકડાં, પાંખે ઘાલજો જી.
માંજારીબચ્ચાંની વહારે, ગયા હતા તેમ પ્રભુ ! આ વારે,
વહારે ચઢી અંગુલિ અમારી ઝાલજો જી; અમે૦
નોંધારાનાં આધાર થઇને, વત્સલભાવથી શરણે લઇને,
તરફડતાં તાપથી તેને પંપાળજો જી; અમે૦
બાલક જાણી ગોદા મારે, ષડરિ ડરાવી જ્યારે ત્યારે,
ભય બતલાવી એને પાછા વાળજો જી; અમે૦
નથી પડતો વિશ્વાસ બીજાનો, તમ સાથે સમ્બંધ મજાનો,
દુર્ગતિથી સંભાળી સાથે ચાલજો જી; અમે૦
મનનું માગ્યું અમને દેતા, કષ્ટ અમારૂં સઉ હરી લેતા,
કલ્પવૃક્ષ થઇ અમારી ઉપર ફાલજો જી; અમે૦
શ્રી જ૦ દેવી.

त्रिकुटीमां इष्टदर्शन करावबा निमित्त अनुभवितनां शिष्यवृत्तिप्रति वचनो.

પદ ૩૧ (જાઓજી રાજ તમથી હારી, એ લય.)

ઝટપટ તું ચાલ અલિ ! ઝટપટ,
ત્યજી સઘળી ખટપટ; ઝટ૦
અમૃતરસ જે ભર્યો ત્રિકુટીતટ,
પીવડાવું ગટગટ; ઝટ૦

આગળ પાછળના માર્ગે જતાં લહીશ તું સંકટ,
×સરસ્વતી ગુપ્ત માર્ગે લઉં જ્યાં, કશી ન ખટપટ,
હું દાખવું ત્યાં કોઇ રમત્ત, પરને દુર્ઘટ,
યદ્યપિ નિત્ય પ્રકટ, ઝટપટ૦
ભ્રૂમધ્યે દિવ્યસરખો છે સખિરી! પનઘટ,
ત્રિલોકીનો મોહન. જે વ્યાપી રહ્યો છે ઘટઘટ,
તને કરાવું તે સાથે આનન્દની રમઝટ,
કરી દૂર અંતર્પટ; ઝટપટ૦

उपास्यसाक्षात्कारअर्थे सद्‍कर्तव्य करवा अधिकारिओने बोध.

પદ ૩૨ (આ શાં દેવળ સ્થળ સ્થળ દીસે; એ લય).

ચાલો જઇએ, દર્શન કરવા ગુરુરાજનાં રે,
જાણો એ કર્તવ્ય મહાન્ જીવનમાં આજના રે; ચાલો.
પ્રભુપ્રેમથી મન એવું બનાવો, લેવા ગુરુવરદર્શનલ્હાવો,
છોડે ચિંતન આજે જગનાં કાજનાં રે; ચાલો.
મન કરો એવું આગ્રહધારક, લહે પ્રભુદર્શનસમ હિતકારક-
કાર્ય ન કદીએ ગૃહ, જ્ઞાતિ કે સમાજનાં રે; ચાલો,
હૃદયે ઉપજાવી નિશ્ચયબલ, મનને કહો: પ્રભુદર્શનઆગળ-
તુચ્છ જ ગણવાં સમગ્ર સુખ સામ્રાજ્યનાં રે; ચાલો.
જેનાથી સઉ ઇચ્છ્યું મળતું, જેનાથી અણઇચ્છ્યું ટળતું,
એવાં દર્શન તો છે સદ્‍ગુરુરાજનાં રે; ચાલો.
દર્શન કરીને કૃતાર્થ થઇએ, અનુપમ મુક્તિસુખને લઇએ,
હૃદ્દેવલમાં રહી ચરણે શિરતાજના રે; ચાલો.

શ્રી જ૦ દવી૦

×સુષુમ્ણા

भक्तिमती वृत्तिना श्रीइष्टप्रति उद्गार.

પદ ૩૩ (શાથી આમ છૂપાતા મારા પ્રભો ! એ લય.)

હું તો થઇ છું દિવાની, તારે લીધે,
તારે લીધે, વહાલા ! તારે લીધે; હું તો૦
સંસારીયાનાં સઘળા સંબંધ છોડીને,
સહી રહી જગસુખહાનિ, તારી લીધે; હું તો૦
એકલી અટુલી બનીને આવી હું અંતરકેરા—
અજાણ્યા પ્રદેશે છાની, તારે લીધે; હું તો૦
છુપાયો જ્યાં હોય ત્યાંથી પ્રિયતમ ! તું સદ્ય પ્રકટજે,
મૂક્યાં મેં અન્ન પાણી, તારે લીધે; હું તો૦
અખંડ અભિમાની રહેતી સર્વ પ્રસંગમાં તે,
આજે થઇ નિરભિમાની, તારે લીધે; હું તો૦
હૃદયમાં દર્શન દે ઓ હૃદયના નાથ ! હાવે,
થઇ રહી ત્યાં હું ધ્યાની, તારે લીધે; હું તો૦
આજ હું જીવું વહાલા ! એક જ, તારે લીધે,
મળીશ ન તો મરવાની, તારે લીધે; હું તો૦

श्री ज०देवी.

आत्मानुं आह्वान.

પદ ૩૪ (મારી સજનિ. તું ક્યાં રમી આવી૦ એ લય.)

પ્રકટ દશામાં, હું નિવસું ગગનગુહામાં, આવો કોઇ કોઇ કોઇ,
અણુકલ્પ્યું, મુજ અરૂપ છતાં રૂપ ચારુ, લેજો જોઇ જોઇ જોઇ.
ક્રિયામાત્ર પરિત્યાગ કરીને, કેવલ કુંભકદ્વારા,
મને પામતાં અનાયાસ ત્યાં, લહેશો પદ ક - ન્યારાં,
જીવપદ ખોઇ, ખોઇ, ખોઇ

પ્રશાંત, નિઃસંકલ્પ થતામાં, મને જ તત્ક્ષણુ લહેશો,
લહેતામાં તમ પૃથક્ અહંની, શેષ કલાને દેશો-
મુજમાં પ્રોઇ, પ્રોઇ, પ્રોઇ.
પ્રોતામાં તમે બિન્દુ મટી, હું સિન્ધુરૂપ બનશો ત્યાં-
અભેદઆનન્દમાં અખંડિત, એકરૂપે આહાહા !
રહેશું રહોઇ, રહોઇ, રહોઇ.

जयगर्जन.

પદ. ૩૫ (અમે પ્રભુતણો મુખચન્દ૦ એ લય.)

બ્રહ્માંડભરમાં ગાજી રહ્યો એક, ગુરુનો જય જય જય.
એ પરમ નાદમાં નાદમાત્ર પામ્યા અશેષ લય લય; બ્રહ્માંડ૦
એ નાદબ્રહ્મમાં લીન થતાં થયો, જીવત્વક્ષય ક્ષય ક્ષય,
અમે થયા અભયનું અધિષ્ઠાન પછી, કોનો ભય ભય ભય, બ્રહ્માંડ૦
એ નાદ સ્ફુરાવેઃ સદા અમે અવ્યય અવ્યય અવ્યય,
અમે પરમતત્ત્વમય, શુદ્ધ બ્રહ્મમય, સુખમય, સચ્ચિન્મય; બ્રહ્માંડ૦

॥ ॐ ॥

श्रीनृसिंहाचार्यचरितम्

नृसिंहाचार्यचरितं इष्टकामस्य सिद्धिदं
श्रोतृतृप्तिमवाप्नोतु गीयते भास्करेण यत् ॥

तापीतटे वरो ग्रामः कडोदं नाम यस्य तु ।
तस्मिन्दुर्लभरामस्तु पुण्यात्मा न्यवसद् गृही ॥ १ ॥
याज्ञिकोपाभिधानोऽसौ गार्ग्यगोत्रसमुद्भवः ।
यजुर्वेदान्तर्गता शाखा माध्यंदिनो शुभा ॥ २ ॥
अभवन्पूर्वजा यस्याग्निहोतारो जनार्चिताः ।
भार्या सती महालक्ष्मी विशुद्धा च पतिव्रता ॥३॥
दशाधिकैकोनविंशच्छते संवत्सरे शुभे ।
कार्तिकस्यासिते पक्षे चतुर्दश्यां महासती ॥ ४ ॥
प्रासूत तनयं नूनं कार्तिकेयं यथा शिवा ।
तेजस्वी खल्वसौ पुत्रः ब्रह्मतेजःसमायुतः ॥ ५ ॥
भालं विशालं द्युम्नाभा कान्तिर्यस्य शरीरजा ।
प्रसादादिगुणैर्युक्ता यस्य वागपि निर्मला ॥ ६ ॥
हर्षवन्तौ तदा भूतौ पितरौ पुत्रलीलया ।

सुखेन क्रमिता तेन बाल्यावस्था पितुर्गृहे ॥ ७ ॥
आकांक्षा महती तस्य दृष्टा विद्यार्जने तदा ।
अनायासेन शीघ्रं च पठिताः संहितादयः ॥ ८ ॥

पाणिग्रहो नर्मदायाः कृतः सम्यग् गृहार्थिना ।
किंतु दैवादभूद्दहावसानं दुःखदं स्त्रियः ॥ ९ ॥

ततो भूता गुरोः पत्नी मंगला सर्वमंगला ।
कंचित्कालं सह तया सुखेन न्यवसद् गृही ॥१०॥
ततः शिष्यो भवामीति त्रिक्रमलालस्य लालसा ।
दृष्ट्वा च भावना तस्मिन्कृपावानभवद् गुरुः ॥ ११ ॥
अहो प्रभावो महतां यदाशीर्वचनान्यपि ।
आर्तत्राणं प्रकुर्वन्ति किमु मतिमती कृपा ॥१२॥

एवमाकृष्टचेतोऽसावुपदेशेन सद्गुरोः ।
बभूव प्रथमः शिष्यः गुरुसेवनतत्परः ॥ १३ ॥
गुरुशिष्यौ हृष्टचेतौ वटोदरपुरीं प्रति ।
ध्रुवस्य भक्तिमार्गस्य स्थापनं कर्तुमागतौ ॥ १४ ॥
ततश्च किंचित्कालेन गुरुपत्नी सुमंगला ।
मृत्युलोकमिमं त्यक्त्वा पुण्यशीला दिवंगता ॥१५॥
ततश्च पाणिग्रहणं रुक्मिण्या गुरुणा कृतम् ।
पश्चात्स्वधर्मकार्यार्थं प्रवासे प्रणयः कृतः ॥ १६॥
एवं गुर्जरदेशस्थैर्लोकैर्ज्ञातं हितं तदा ।
कल्याणाय च लोकानां संभवो महतां स्मृतः ॥१७॥

समृद्धिं साधकाः प्रापुः सद्गुरोः पादपंकजात् ।
अन्ये च बहवो लोका लब्धुं श्रेयस्तदागताः ॥१८॥
एवं प्रस्थापनं भूतमाश्रमस्य महात्मनः ।
यस्मान्निरामयाः सर्वे बभूवुर्गृहिण: सदा ॥१९॥
उपेन्द्रो वामनः सर्वेश्वरो विश्वंभरः सुर: ।
इत्येवमादयो भूताः भक्तिमार्गोपदेशकाः ॥२०॥
रचिता विविधा ग्रन्था आचार्यै: कृपया तदा ।
ज्ञानं लेभे शिष्यवर्गोह्यवाप्नोन्मोक्षसाधनम् ॥ २१ ॥
ततश्चतुश्चत्वारिंशत्तमे संवत्सरे गुरुः ।
श्रावणस्य सिते पक्षे पंचम्यां ब्रह्मणि स्थित ॥२२॥
उपेंद्रं प्रथमं शिष्यमात्मनो बलमर्पितम् ।
तस्मात्तं प्रति गच्छन्तु सर्वे लोका हितार्थिनः ॥२३॥
इदं नृसिंहचरितं प्रत्यहं श्रद्धयान्वित: ।
य: पठेत्स भृशं मोक्षमवाप्नोति न संशय: ॥२४॥
यातायातैः सुबहुभि: श्रान्तोऽसि यदि हे सखे ॥
अनन्यगतिको भूत्वा नृसिंहजपदं भज ॥२५॥
उपेन्द्रेशं परित्यज्य योऽन्यं देवमुपासते ।
तृषितो जाह्नवीतीरे कूपं वाञ्छति दुर्भग: ॥२६॥

श्रीनृसिंहगायत्रीमंत्रः ।

श्रीनृसिंहाय विद्महे । दिव्यदेहाय धीमहि ।
तन्न इष्टः प्रचोदयात् ॥

ગીતિ

હું છું ભક્તહ્રદયમાં,
  મુજ હ્રદયે છે ભક્તતણો વાસ;
ભક્તિરહિત જન જાણવે
  પ્રાણસહિત શવકેરો આભાસ.

ज्योतिर्विद्वरंकधारिणा श्रीगणेशात्मजेन
श्रीभास्करेण रचितमिदं चरितम् ।

સાધનસમારંભમાં સાધકોએ પાલન કરવાના નિયમો:

૧ પ્રાતઃકાળે પાંચ વાગતાં ઘંટ થતાં ઉઠવું અને સ્નાન આદિથી પરવારી સાત વાગતાં સંયમમાટે નિશ્ચય કરેલા સ્થળે બેસી જવું.

૨ સાતથી અગીયાર વાગતાંસુધી પ્રત્યેક સાધકે પોતપોતાને પ્રાપ્ત જપ, પ્રાણાયામ, ધારણા ધ્યાન વગેરે સંયમની ક્રિયાઓ કરવી

૩ કોઇ પણ સાધકે બીજા સાધકોને વિક્ષેપ થાય એવી કોઇ પણ ક્રિયા સંયમના સ્થાનમાં કરવી નહિ. તે સ્થાનમાંથી વારંવાર જા આવ કરવી નહિ.

૪ સભા ભમાં જેઓએ નાની ઉમરના બાળકોને આણ્યાં હે તેમણે તે બાળકો સમયમાં કોઇને કોઇ જાતનો વિક્ષેપ ન કરે વ્યવસ્થા રાખવી. તેમ ન થતાં બાળકોથી થતા દોષોના જ તેમના વડિલોને જ ગણવામાં આવશે.

૫ અગીયાર વાગતા પ્રાતઃકાળના સંયમની સમા[illegible] કોએ, આરતી થતાં સુધી પોતાના આસનનો પરિ[illegible]

૬ આરતી થઇ રહ્યા પછી સ્નાન કરવ[illegible] સ્નાન કરવા જવું. અને જણાવવામાં આવે [illegible] હાજર થવું. જેઓ વિલબ હાજર થશે [illegible] પંક્તિમાં વ્યવસ્થા થશે.

૭ સાંજે પાંચ વાગે પુનઃ સ્ન[illegible] માટે જવું અને સાતસુધીમાં સં[illegible] મંડપમાં હાજર થવું.

૮ સાંજે સાતથી આઠસુ[illegible] વામાં આવનાર સમયે થના[illegible] સરી ભાગ લેવો.

૯ આઠથી સા[illegible]

૧૦ દશ વા[illegible] આવતી હોય ત[illegible] નિદ્રામાં વિક્ષે[illegible]

૧૧ [illegible] વાતો ન[illegible] પણે[illegible]

કિર્તનની અનુક્રમણિકા.